# ત્રિભુવનતારકને રત્ને વધાવો રે.

(રાગ : વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે)

સ્વર્ણપુરે ભાવી ભગવંત પધાર્યા રે,
ત્રિભુવનતીરથ તારણહારા રે;
આવો રે સૌ ભક્તો મંગળગીત ગાઓ રે,
ત્રિભુવનતારકને રત્ને વધાવો રે.

(સાખી)

આવો! પધારો! મારા જિનવરદેવા,
નિશદિન હોજો જિનચરણોની સેવા;
દરશન દેખી અતિ હર્ષ ઉભરાયા રે,
સુવર્ણપુરીમાં આજે (આનંદ) મંગળ છવાયાં રે....સ્વર્ણ૦

(સાખી)

આનંદસાગરમાં જિનજી બિરાજ્યા,
દિવ્ય મહિમાધારી પ્રભુજી અમારા;
દિવ્યધ્વનિની અહો! વર્ષા વરસાવો રે,
અમ ભક્તોની પ્રભુ! તૃષા છિપાવો રે....સ્વર્ણ૦

(સાખી)

ગર્ભકલ્યાણકે રત્નોની વર્ષા,
સુરપતિ સ્વર્ગે જિનેન્દ્રગુણ ગાતા;

જન્મકલ્યાણકે (ઇન્દ્રો) મેરુએ લઈ ચાલ્યા રે,
સહસ્ર નયને ઇન્દ્રે પ્રભુને નિહાળ્યા રે,
જિનજન્મ-મહિમા દેવેન્દ્રો ગાતા રે...સ્વર્ણ૦

(સાખી)

લોકાન્તિક દેવ દીક્ષા-કલ્યાણક ઊજવે,
સ્વયંબુદ્ધ પ્રભુજીને પ્રતિબોધ આપે;
જ્ઞાની-ધ્યાની પ્રભુ મુનીશ્વરદેવા રે,
વનવાસી આત્મધ્યાની જિનેશ્વરદેવા રે...સ્વર્ણ૦

(સાખી)

જ્ઞાનકલ્યાણકે (ઇન્દ્ર) સમોસરણ રચાવે,
દિવ્યધ્વનિના પ્રભુ ધોધ વરસાવે;
સુર-નર-મુનિવર આશ્ચર્ય પામે રે,
દિવ્ય ધ્વનિનાં અમૃત ઉર ઝીલે રે;
કેવળજ્ઞાની પ્રભુ સ્વરૂપનિવાસી રે,
આનંદાદિક ગુણ પૂર્ણ વિકાસી રે;
નિરખ્યા કરું નાથ તૃપ્તિ ન પામું રે,
ગાયા કરું ગુણ વારી વારી જાઉં રે,
વંદું, સ્તવું, પૂજું, વારી વારી જાઉં રે...સ્વર્ણ૦

(સાખી)

પૃથ્વી સરીખાં પ્રભુ! પત્ર રચાવું,
સમગ્ર સમુદ્રોની શાહી બનાવું,
વૃક્ષસમૂહોની કલમો કરાવું;
પ્રભુજીનાં ગુણગીતો પૂરાં ન થાયે રે,
જિનવરમહિમા ત્રિજગમાંહી ગાજે રે,
ઇન્દ્રો નરેન્દ્રો પ્રભુચરણોને પૂજે રે...સ્વર્ણ૦

( સાખી )

શાસનનાયક વીરનાથને વંદું;
સીમંધરપ્રભુ વિદ્યમાનને પ્રણમું;
જિનવર ત્રિકાળિક લળી લળી નમું રે,
દેવ-શાસ્ત્ર-ગુરુજીને હૃદયે પધરાવું રે....સ્વર્ણ૦

( સાખી )

સ્વર્ગેથી કહાનગુરુ સ્વર્ણે પધારો.
એમ ભક્તોની ભાવના પુરાવો,
( એમ સેવકની આશા પુરાવો, )
સ્વર્ગેથી વરસાવો કૃપામૃતવર્ષા રે,
નિત હોજો દેવ-ગુરુ-ચરણોની સેવા રે....સ્વર્ણ૦

□